# કપાસનો ભાવ મજબૂત રહેવાની સંભાવના

સને ૨૦૧૯-૨૦ માં દેશમાં સમયસર અને વધારે વરસાદ તેમજ ઉંચા ભાવને લીધે કપાસનું વાવેતર અત્યાર સુધીનું સૌથી વધારે ૧૩૩ લાખ હેક્ટરમાં થયેલ. જો કે કમોસમી વરસાદને લીધે થયેલ નુકસાનને કારણે ઉત્પાદન ૩૫૫ લાખ ગાંસડી થયું હતું. ચાલું વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન કપાસનું વાવેતર થોડું ઘટીને ૧૨૯.૫૭ લાખ હેક્ટર અને ઉત્પાદન ૩૭૧ લાખ ગાંસડી અંદાજવા માં આવેલ છે (પ્રથમ આગોતરો અંદાજ તા. ૨૨-૦૯-૨૦૨૦). પરંતુ, ગુજરાત સહીત દક્ષિણના રાજ્યોમાં, ઓક્ટોબર, ૨૦૨૦ ના ત્રીજા સપ્તાહમાં પડેલ ભારે વરસાદને કારણે પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયેલ છે, જે ના લીધે ઉત્પાદન ગત વર્ષ જેટલું અથવા તેનાથી થોડું ઓછુ થશે.

ગુજરાતમાં ચાલું વર્ષે કપાસનું વાવેતર ઘટીને ૨૨.૮૧ લાખ હેક્ટરમાં થવાનો અંદાજ છે, જે ગત વર્ષ (૨૦૧૯-૨૦) માં ૨૬.૬૫ લાખ હેક્ટર હતું અને ઉત્પાદન અંદાજે ૮૨.૩૯ લાખ ગાંસડી જેટલું થશે, જે ગત વર્ષ (૮૮.૦૧ લાખ ગાંસડી) કરતા ૫.૬૨ લાખ ગાંસડી જેટલું ઓછું રહેશે. ઓગસ્ટ મહિનામાં સતત વરસાદ અને ઓક્ટોબર ૨૦૨૦ ના ત્રીજા અઠવાડિયામાં વરસાદને કારણે પાકને થોડું નુકસાન થયેલ છે તેમજ વિણી મોડી થશે. જો કે એકંદરે પાકની સ્થિતી સામાન્ય હોઈ ઉતારો પણ સામાન્ય રહેશે.

વિશ્વસ્તરે, અમુક સંસ્થાઓના અહેવાલ મુજબ આ વર્ષે કપાસનું વાવેતર ૩૨૯ લાખ હેક્ટર માં થયેલ છે, જે પાછલા વર્ષની સરખામણીમાં અંદાજે ૬ ટકા જેટલું ઓછું છે અને ઉત્પાદન (૧૪૪૭ લાખ ગાંસડી) પણ ગત વર્ષની સરખામણીમાં (૧૫૩૦ લાખ ગાંસડી) ૫ ટકા જેટલું ઓછું રહેશે. વિશ્વમાં કપાસની વપરાશમાં ગત વર્ષ કરતા ૧૫૦ લાખ ગાંસડી વધુ થવાનો અંદાજ છે. જેના પરિણામે હાલ વૈશ્વિક સ્તરે બજારમાં ભાવ ઉંચા જઈ રહેલ છે.

ભારતમાં ગત વર્ષનો વણવપરાયેલ જથ્થો આશરે ૭૦ લાખ ગાંસડી હોવાનો અંદાજ છે અને ચાલું વર્ષે ઘરેલું વપરાશ આશરે ૩૩૧ લાખ ગાંસડી થવાનો અંદાજ છે. કોવિડ-૧૯ સમસ્યાને કારણે, ૨૦૧૯-૨૦ માં ભારતની કપાસની નિકાસ ઘટીને ૩૮.૭૫ લાખ ગાંસડી થઇ હતી, જે સને ૨૦૧૮-૧૯ માં ૬૭.૨૪ લાખ ગાંસડી હતી. આથી, કપાસનો ભાવ જે ડિસેમ્બર, ૨૦૧૯ માં મણના રૂા. ૧૦૦૦ જેટલો હતો, જે ઘટીને અપ્રિલ, ૨૦૨૦ માં રૂા. ૮૫૦ થઇ ગયો હતો. હાલમાં જુલાઈ થી નિકાસને વેગ મળી રહેલ છે અને વિશ્વસ્તરે, ઉત્પાદન ઓછું થવાની ધારણાને લીધે બજાર સુધરી રહેલ છે. ઓક્ટોબર, ૨૦૨૦ માં ગુજરાતની વિવિધ બજારોમાં ભાવ મણના રૂા.૧૦૬૦ જેટલા પ્રવર્તમાન છે, જે આ સ્તરે મજબૂત રહેવાની સંભાવના છે. ચાલું વર્ષ ૨૦૨૦-૨૧ માટે સરકારશ્રીએ કપાસનો ટેકાનો ભાવ મણના રૂા. ૧૧૬૫ રૂપિયા (૫૮૨૫ રૂા./ક્વિન્ટલ) નક્કી કરેલ છે. ગત વર્ષે ભારત કપાસ નિગમ (સીસીઆઈ) દ્વારા ટેકાના ભાવે ૧૦૨ લાખ ગાંસડી કપાસ (રૂ) ની ખરીદી કરવામાં આવેલ, જે પૈકી ૧૧ લાખ ગાંસડી ગુજરાતમાંથી ખરીદવામાં આવી હતી અને આ વર્ષે પણ, તેટલી જ ખરીદી સીસીઆઇ દ્વારા થવાની ધારણા છે.

ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી, જૂનાગઢની સંશોધન ટીમે ગોંડલ અને રાજકોટ માર્કેટિંગ યાર્ડનાં કપાસના ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ કરેલ છે. જેના તારણ મુજબ એવું અનુમાન છે, કે **કપાસ નો ભાવ નવેમ્બર, ૨૦૨૦ થી જાન્યુઆરી ૨૦૨૧ દરમ્યાન મણનાં રૂા. ૧૦૬૦ થી ૧૧૭૫ (૫૩૦૦-૫૮૭૫ રૂા./ક્વિન્ટલ) જેટલા રહેવાની સંભાવના છે.** જેથી ઉપરોક્ત બાબતો અંગેની નોંધ લઈ કપાસનો સંગ્રહ કરવા તેમજ જાન્યુઆરી, ૨૦૨૧ પછી વેંચાણ કરવા ખેડૂતભાઈઓ પોતાની રીતે નિર્ણય કરી શકે છે. જે ખેડૂતભાઈઓને કપાસનો સંગ્રહ કરવો પરવડે તેમ ન હોય, તેઓ ટેકાના ભાવે કપાસ નિગમના ખરીદ કેન્દ્રો ખાતે વેચાણ કરે.

જો નિકાસની તકો સારી રહેશે, તો પડોશી દેશો જેવાકે, બાંગ્લાદેશ, ઇન્ડોનેશિયા, વિયેટનામ વગેરેમાં કપાસની નિકાસમાં વધારો થવાથી ભવિષ્યમાં કપાસના ભાવ ટેકાના ભાવ કરતા થોડા ઉંચા જવાની શક્યતા રહેલી છે.